

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## <u>ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૮મા જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ</u>

**તારીખ : ૧૯/૨૦/૨૧ ડિસેમ્બર-૨૦૧૪**

**યજમાન સંસ્થા : શ્રી ગુજરાતી સમાજ, ઇન્દોર (મ.પ્ર.)**

**પહેલી બેઠક, તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, સવારે ૧૧.૦૦થી ૧.૦૦**

**ઉદ્‌ઘાટન બેઠક**

ગીત : સંગીતવૃંદ

સ્વાગત : પ્રમુખશ્રી (યજમાન સંસ્થા)<br>મંત્રીશ્રી (યજમાન સંસ્થા)

ઉદ્‌ઘાટક / અતિથિ : ચંદ્રકાન્ત દેવતાલે/સરોજકુમાર જૈન

અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ

પ્રમુખશ્રીનો પરિચય : શ્રી પ્રફુલ્લ રાવલ

પ્રાસંગિક : શ્રી રઘુવીર ચૌધરી, હર્ષ બ્રહ્મભટ્ટ

પરિષદનો અહેવાલ : શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી)

આભાર : શ્રી રાજેન્દ્ર પટેલ

સંચાલન : શ્રી પ્રફુલ્લ રાવલ

**બીજી બેઠક : તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૦૦**

**સર્જકનું પુનઃમૂલ્યાંકન : બકુલ ત્રિપાઠી**

અધ્યક્ષ : શ્રી હસિત મહેતા<br>(બકુલ ત્રિપાઠીના લલિત-હાસ્યનિબંધો)

અતિથિવિશેષ : શ્રી રતિલાલ બોરીસાગર

બકુલ ત્રિપાઠીના સાહિત્યમાં<br>રાજકીય કટાક્ષ : શ્રી ઉર્વીશ કોઠારી

બકુલ ત્રિપાઠીની<br>હાસ્યરચનાઓ : શ્રી રવીન્દ્ર પારેખ

સંચાલન : શ્રી જનક નાયક

**ત્રીજી બેઠક : તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, રાત્રે ૭.૩૦થી ૮.૦૦**

**પારિતોષિક વિતરણ**

અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ  સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

## ચોથી બેઠક : આસ્વાદ બેઠક

બકુલ ત્રિપાઠીનો હાસ્યદરબાર : શ્રી ગુણવંત વ્યાસ

**તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦**

**મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક**

## પાંચમી બેઠક : તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી મનસુખ સલ્લા
કવિતા : શ્રી સુધાબહેન ચૌહાણ
નાટક : શ્રી પ્રભુદાસ પટેલ
વિવેચન : શ્રી હેતલ ગાંધી
ચરિત્ર-સાહિત્ય : શ્રી પ્રશાંત પટેલ
અનુવાદ : શ્રી દર્શના ત્રિવેદી
સંચાલન : શ્રી નીતિન વડગામા

## છઠ્ઠી બેઠક : તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી માધવ રામાનુજ
ટૂંકી વાર્તા : શ્રી દીવાન ઠાકોર
નવલકથા : શ્રી કેશુભાઈ દેસાઈ (૨૦૧૨)
શ્રી કનૈયાલાલ ભટ્ટ (૨૦૧૩)
નિબંધ : શ્રી કિશોરસિંહ સોલંકી
સંશોધન-સંપાદન : શ્રી પિંકી પંડ્યા
બાળસાહિત્ય : શ્રી મીનાક્ષી ચંદારાણા
સંચાલન : શ્રી કીર્તિદા શાહ

## સાતમી બેઠક : રાત્રે ૮.૩૦થી યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ

નાટક – અતિથિવિશેષ : શ્રી ચંદ્રકાન્ત દેવતાલે / સરોજકુમાર જૈન

## આઠમી બેઠક : તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર, સવારે ૯.૦૦થી ૧૧.૩૦

**સાહિત્યસ્વરૂપ : નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો**

અધ્યક્ષ : શ્રી મહેશ ચંપકલાલ
અતિથિવિશેષ : શ્રી સતીશ વ્યાસ
બદલાતું નેપથ્ય : શ્રી પ્રવીણ પંડ્યા
ઐતિહાસિક, પૌરાણિક અને ચરિત્રકેન્દ્રી નાટકો, નવી સદીમાં : શ્રી ધ્વનિલ પારેખ
'નવી' સદીમાં 'જૂનાં' નાટકો : શ્રી મહેન્દ્રસિંહ પરમાર
સંચાલન : શ્રી અજયસિંહ ચૌહાણ

### નવમી બેઠક : સમાપન બેઠક, બપોરે ૧૧.૩૦થી ૧૨.૩૦

આભારદર્શન : યજમાન સંસ્થા વતી :

ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : શ્રી પ્રફુલ્લ રાવલ

નોંધ : જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૩૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૨૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૫૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ રૂ. ૨૫૦/- ભરવાના રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૦-૧૨-૧૪ સુધીમાં પરિષદ કાર્યાલય – અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

**સંપર્ક : શ્રી ગુજરાતી સમાજ, ઇન્દોર**

૧, નાસિયારોડ, ઈન્દોર-૪૫૨૦૦૧

ફોન : (૦૭૩૧) ૨૭૦૬૪૬૮ મો. ૯૩૨૯૪૦૬૪૬૮

### પાક્ષિકી અંતર્ગત

તા. ૨-૧૦-૨૦૧૪ના ગુરુવારના રોજ સાંજે ૬-૧૫ વાગે જાણીતા સર્જક મણિલાલ હ. પટેલે ‘રાજીખુશીથી પરણી ગયા છીએ’ વાર્તાનું પઠન કર્યું હતું. અને દીવાન ઠાકોરે વાર્તાકાર સંજય ચૌહાણની વાર્તા ‘લાશ’નો આસ્વાદ કરાવ્યો હતો. તા. ૧૬-૧૦-૨૦૧૪ના રોજ સાંજે ૬-૧૫ વાગે શ્રી બિપીન પટેલે અમેરિકી વાર્તાકાર રેમન્ડ કાર્વરની વાર્તા ‘ધે આર નૉટ યૉર હસબંડ્સ’નો અનુવાદ વાચ્યો હતો. અને કાર્વરનો વિસ્તૃત પરિચય આપીને અમેરિકન ટૂંકીવાર્તામાં કાર્વરના સ્થાન અંગે માહિતી આપી હતી. આ પાશ્ચિકી સભામાં સર્વશ્રી પ્રફુલ્લ રાવલ, પારુલ કંદર્પ દેસાઈ, રમેશ ર. દવે, સંજય ચૌધરી, ભારતી ર. દવે વગેરેએ વાર્તાની રસપ્રદ ચર્ચા કરી હતી.

### ‘આપણો કવિતાવારસો’ અંતર્ગત

‘આપણો કવિતાવારસો’ અંતર્ગત તા. ૧૨-૧૦-૨૦૧૪ના રોજ સાંજે ૬-૦૦ થી ૮-૦૦ દરમિયાન શ્રી રા. વિ. પાઠક સભાગૃહમાં શ્રી હર્ષ બ્રહ્મભટ્ટનો કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભે શ્રી ઉષા ઉપાધ્યાયે સૌનું સ્વાગત કરીને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી યોગેશ જોષીએ કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટનો પરિચય આપ્યો હતો. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે કાવ્યપઠન અને કાવ્યસર્જન વિશેની કેફિયત આપી હતી.

### મુકુન્દરાય પારાશર્ય વિશે જન્મશતાબ્દી વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળાશ્રેણીના બીજા વ્યાખ્યાન અંતર્ગત તા. ૨૩-૯-૨૦૧૪ના રોજ સાંજે ૬-૧૫ કલાકે મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી મુકુન્દરાય પારાશાર્ય વિશે વ્યાખ્યાનોનો કાર્યક્રમ

યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે પરિષદના મંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે સૌનું સ્વાગત કર્યું હતું. ક. લા. સ્વાધ્યાયમંદિરના કાર્યકારી નિયામક શ્રી પારુલ કંદર્પ દેસાઈએ કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. પરિષદ પરંપરા પ્રમાણે વક્તાઓનું તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત મુકુન્દરાય પારાશર્યના પુત્ર પીયૂષ પારાશર્યનું પરિષદ પ્રકાશિત પુસ્તક 'સાહિત્યમાં દરિયો'થી સ્વાગત કર્યું હતું. જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે મુકુન્દરાય પારાશર્યનાં મુક્તકો, કવિતા, દુહા, મોટીબા અને નબૂમાંથી કેટલાક અંશોનું ભાવવાહી પઠન કરીને મુકુન્દરાયના સાહિત્યનો આસ્વાદ કરાવ્યો હતો. બીજા વક્તા શ્રી રમેશ ર. દવેએ વક્તવ્યમાં મુકુન્દરાયનાં જીવન અને કવનનો પરિચય કરાવ્યો હતો. રમેશ ર. દવેએ મુકુન્દરાય પારાશર્ય સાથેનાં અંગત સંસ્મરણો યાદ કરીને તેમના સર્જનકાર્યને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકીને સર્જનની ઉપલબ્ધિઓ તારવી આપી હતી. રમેશભાઈએ મુકુન્દરાયના કાવ્યબાનીનાં લક્ષણો તરીકે આભિજાત્ય, શાલીનતા, વિનમ્રતા, સરળતા, સાદગીને ગણાવીને તેની ચર્ચા કરી હતી. તેમણે મુકુન્દરાયની નોંધપાત્ર રચનાઓ 'અવાવરુ વાવ', 'તારી ખીચડીમાં ઘી થઈ જાઉં', 'યાત્રાસાફલ્ય', 'સૂના ખોરડાં', 'ધણ રે ધરતી'ને ગણાવી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે મુકુન્દરાયની આ રચનામાંથી આપણે પસાર થવું જ જોઈએ. તેમણે કહ્યું હતું કે એમના વ્યક્તિલક્ષી ચરિત્રમાં નબૂનું ચરિત્ર સૌથી ઉત્તમ છે. અનેક દૃષ્ટાંતો આપીને તેમણે વક્તવ્યને રસાળ બનાવ્યું હતું. અંતે તેમણે કહ્યું હતું કે મુકુન્દરાય પારાશર્યના સમગ્ર સાહિત્યના વાચન પછી જીવનને ધીરજથી અવલોકવાની વાત મારામાં ઉમેરાઈ છે. રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન આપતાં મુકુન્દરાય પારાશર્યને આપણા મોટા સર્જક તરીકે ઓળખાવ્યા હતા. અને કહ્યું હતું કે મુકુન્દરાય પારાશર્યએ આપેલ 'સત્યકથા' તેમનું અસાધારણ પ્રદાન છે. મુકુન્દરાય પારાશર્યના પુત્ર પીયૂષ પારાશર્યએ તેમના પિતાની બે રચનાઓનું પઠન કર્યું હતું. અને કહ્યું હતું કે આ કાર્યક્રમનું આયોજન કરીને પરિષદે મને ખરા અર્થમાં પિતૃતર્પણ કરવાની તક આપીને કૃતાર્થ કર્યો છે. પારુલ કંદર્પ દેસાઈએ સમગ્ર કાર્યક્રમના સંચાલન દરમિયાન મુકુન્દરાય પારાશર્યના જીવનપ્રસંગો અને સર્જનમાંના પ્રસંગો કહીને કાર્યક્રમને વધુ આસ્વાદ્ય બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી મુકુન્દરાયના આપ્તજનો તેમજ કુટુંબીજનો પણ હાજર રહ્યાં હતાં. તેમજ સર્વશ્રી રઘુવીર ચૌધરી, કનુભાઈ જાની, ચિનુ મોદી, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ, વી. એસ. ગઢવી જેવા ભાવકો સહિત ત્રણ પેઢીના શ્રોતાઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો.

## પરિષદના આગામી કાર્યક્રમો

### પાક્ષિકી અંતર્ગત

તા. ૬-૧૧-૨૦૧૪ના રોજ શ્રી ચિનુ મોદી સ્વરચિત વાર્તાનું પઠન અને ચર્ચા

કરશે. ગુરુવાર સાંજે, ૬-૧૫ કલાકે.

તા. ૨૦-૧૧-૨૦૧૪ના રોજ શ્રી પારુલ કંદર્પ દેસાઈ સ્વરચિત વાર્તાનું પઠન અને ચર્ચા કરશે. ગુરુવાર સાંજે, ૬-૧૫ કલાકે.

## વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત

તા. ૫,૧૨,૧૯-૧૧-૨૦૧૪ના બુધવારના રોજ બુધસભા અને ૨૬-૧૧-૨૦૧૪ના રોજ વ્યાખ્યાન સાંજે ૭-૦૦ કલાકે.

## પૂજ્યશ્રી મોટાની સ્મૃતિમાં વ્યાખ્યાન

''ગુજરાતી ભાષામાં વિશ્વકોશ હોવો જ જોઈએ'' એવી ભાવના પૂજ્યશ્રી મોટાએ વ્યક્ત કરી અને તેઓશ્રીના દેહોત્સર્ગ બાદ હરિ ઓમ આશ્રમ (નડિયાદ અને સૂરત) દ્વારા ગુજરાતી વિશ્વકોશના કાર્યને ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો. આ સંદર્ભમાં વિશ્વકોશની માહિતી તથા પૂજ્યશ્રી મોટાના જીવન વિશે હરિ ઓમ આશ્રમ સત્સંગ મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરને અંજલિ આપવામાં આવી અને ડૉ. કુમારપાળ દેસાઈએ પૂજ્યશ્રી મોટા વિશે સ્મરણોની વાત કરી. શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીને' પણ પૂજ્યશ્રી મોટા વિશે સુંદર વાતો કરી હતી.

## રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ-સમારોહ

ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતાની સ્મૃતિમાં દર વર્ષે ગુજરાતી સાહિત્ય અને લલિતકલામાં ઉત્તમ પ્રદાન કરનારને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થાય છે. વર્ષ ૨૦૧૨નો રણજિતરામ સુવર્ણચંદ્રક જાણીતા નૃત્યવિવેચક અને નૃત્યલેખક શ્રી સુનિલ કોઠારીને એનાયત થયો હતો. આ પ્રસંગે સર્વશ્રી કુમુદિનીબહેન લાખિયાએ શ્રી સુનિલ કોઠારીનો પરિચય કરાવ્યો. બાલકૃષ્ણ દોશીએ સુનિલ કોઠારી સાથેની મિત્રતાની યાદ તાજી કરી. અને કુમારપાળ દેસાઈએ રણજિતરામ વાવાભાઈ મહેતા અને રણજિતરામ સુવર્ણચંદ્રક વિશે વિગતે વાત કરી. શ્રી સુનિલ કોઠારીએ પ્રતિભાવ આપ્યો હતો. સ્વાગત શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન નલિની દેસાઈએ કર્યું.

## આંકલાવ કૉલેજમાં સંતોની વસંત ઊજવાઈ

શ્રી એસ. ડી. પટેલ આર્ટ્સ ઍન્ડ સી. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, આંકલાવ તથા ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'સંતોની વસંત : મધ્યકાલીન ભારતીય પદકવિતા' વિષય પર દ્વિદિવસીય રાષ્ટ્રીય કાર્યશાળા તા. ૨૦,૨૧-૯-૨૦૧૪ રોજ યોજાઈ હતી. જેમાં ૩૪ જેટલા સંત કવિઓ વિશે વ્યાખ્યાનો થયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. નિવ્યા પટેલે કર્યું હતું.

## મહેસાણામાં ગંગાસતીનાં ભજનોનો કાર્યક્રમ

અસાઇત સાહિત્યસભા અને સિનિયર સિટિઝન કાઉન્સિલના ઉપક્રમે તા. ૨૧-૯-૨૦૧૪ના રોજ ગંગાસતીના ભજનોનો રસપ્રદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ડૉ. શ્રી નિરંજન રાજ્યગુરુના કંઠે ગંગાસતીનાં ભજનોની રસપ્રદ રજૂઆત અને ગંગાસતીના ઇતિહાસ વિશે સંગોષ્ઠી લાક્ષણિક રીતે રજૂઆત પામી હતી.

## મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'ની જન્મશતાબ્દી નિમિત્તે પરિસંવાદ : દર્શકનું દર્શન

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'ની જન્મશતાબ્દી નિમિત્તે પરિસંવાદ : દર્શકનું દર્શન'નો કાર્યક્રમ તા. ૧૫-૧૦-૨૦૧૪, બુધવાર સવારે ૯-૩૦થી ૫-૩૦ દરમિયાન યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન બેઠકમાં શ્રી ચંદ્રકાન્ત શેઠે 'મારી નજરે દર્શક' વિશે અને શ્રી રઘુવીર ચૌધરીએ 'દર્શકનું સર્જક વ્યક્તિત્વ' વિશે ભૂમિકારૂપ વક્તવ્યો આપ્યાં હતાં. વૈશાલી ધોળકિયાએ આ બેઠકનું સંચાલન કર્યું હતું. આ ઉપરાંત ''દર્શકનું સાહિત્યદર્શન'' પ્રથમ બેઠકના અધ્યક્ષ શિરીષ પંચાલે 'વિવેચન' વિશે, અને બીજા વક્તાઓ સર્વશ્રી મણિલાલ પટેલે 'નવલકથા' વિશે, ભરત જોશીએ 'કેળવણી વિચાર' વિશે, મહેશ ચંપકલાલે 'નાટક' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. શ્રી હરદ્વાર ગોસ્વામીએ સરસ સંચાલન કર્યું હતું. 'દર્શકનું સમાજદર્શન' બીજી બેઠકના અધ્યક્ષ સતીશ વ્યાસે 'નિબંધ' વિશે અને બીજા વક્તા સર્વશ્રી હેમન્ત દવેએ 'ઇતિહાસચિંતન' વિશે, રજની દવેએ 'ગ્રામોત્થાનલક્ષી રચનાત્મકતા' વિશે, દિનેશ શુક્લએ 'રાજનીતિ વિમર્શ' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. શ્રી રેખા માટલિયાએ સરસ સંચાલન કર્યું હતું. અને 'ઝેર તો પીધા જાણી જાણી' નાટકનું વાચિકમ શ્રી આરતી પટેલ અને અન્ય કલાકારોએ કર્યું હતું સમાપન રાજેન્દ્ર પટેલે કર્યું હતું. અને આભારદર્શન મનીષ પાઠકે 'શ્વેત' કર્યું હતું.

## સાવરકુંડલામાં પૂ. મોરારી બાપુના હસ્તે 'નાનાભાઈ હ. જેબલિયા માર્ગ' ખુલ્લો મુકાયો

તા. ૯-૧૦-૨૦૧૪ના રોજ સાવરકુંડલાના જાણીતા સાહિત્યકાર નાનાભાઈ હ. જેબલિયાના નામના માર્ગનો અનાવરણવિધિ યોજાઈ ગયો. સાવરકુંડલાના વતની રતિલાલ બોરીસાગર, કિરીટ દૂધાત, મનોહર ત્રિવેદી તથા અમરેલી જિલ્લાના સાહિત્યકારો અને નગરજનોની ઉપસ્થિતિમાં 'નાનાભાઈ હ. જેબલિયા માર્ગ' પૂ. મોરારિબાપુના વરદ હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

## મોડાસામાં કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે યોજાયેલ મુશાયરો

'શબ્દસેતુ' દ્વારા મોડાસા, જિ. અરવલ્લી ખાતે એક ભવ્ય મુશાયરો યોજાયો હતો. તા. ૧૧-૧૦-૨૦૧૪ને શનિવારે રાત્રે કૉલેજના ભા. મા. શાહ હૉલમાં કલેક્ટરશ્રી બી.

જે. ભટ્ટ સાહેબના અધ્યક્ષપદે યોજાયેલા મુશાયરામાં ગુજરાતીના પ્રસિદ્ધ કવિઓ, ખલીલ ધનતેજવી, મણિલાલ હ. પટેલ, ભરત વિંઝુડા, જી. એ. નાશાદ, દિનેશ ડોંગરે 'નાદાન', ભરત ભટ્ટ 'પવન', અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, કનૈયાલાલ ભટ્ટ, પ્રભુ પહાડપુરી, અરવિંદ ગજ્જર, સલીમ શેખ વગેરેએ કાવ્યપાઠ કર્યો હતો.

## વિશ્વ માતૃભાષા ગૌરવ દિન
## ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૫ નિમિત્તે સ્પર્ધા

(શાળાઓ માટે)

આ સ્પર્ધામાં શાળાઓ વિદ્યાર્થીઓનું કામ નીચે પ્રમાણે મોકલીને ભાગ લઈ શકશે. પસંદ પામેલી શાળાઓના આચાર્યને અને ભાષાશિક્ષકોને બિરદાવી પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્પર્ધા : ૧ : પ્રાથમિક શાળા ધો. ૬,૭,૮ના વિદ્યાર્થી માટે, સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક શાળાએ ગુજરાતી ભાષાશિક્ષણને અનુરૂપ ત્રણ ભીંતપત્ર મોકલવા. સ્પર્ધા : ૨ : માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા : એક પ્રૉજેક્ટ સ્વરૂપે ગુજરાતી ભાષામાં સર્જનાત્મક કૃતિઓનો એક અંક મોકલવો. સ્પર્ધામાં ભાગ લેનાર શાળાએ શાળાની સંપર્ક વિગતો, આચાર્યનું નામ તથા સંબંધિત ભાષાશિક્ષકોનાં નામ કૃતિ–ભીંતપત્ર સાથે મોકલવાં. કૃતિ-ભીંતપત્ર મોકલવાની છેલ્લી તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૧૪.

વધુ વિગતો માટે સંપર્ક કરો. માતૃભાષા અભિયાન, સમુદાય શિક્ષણભવન, નવજીવન પ્રેસ સામે, ગુજરાત વિદ્યાપીઠ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪, ફોન નંબર ૦૭૯-૪૦૩૦૩૮૭૯

ઇ-મેઇલ matru.abhiyan@gmail.com